# ક્યાં રે જવું હતુ ને ક્યાં જઈ ચઢ્યા અમે,
# ભવના મુસાફીર ભુલા રે પડ્યા.

*- પ. પૂ. આ. શ્રી કલ્યાણબોધીસૂરીશ્વરજી મ.*

ખૂબ જ ધમાલમાં છે આ શ્વોસોચ્છવાસ આજે, રે જીવ ! કઇ તરફ છે તારો પ્રવાસ આજે.

જન્મ થયો ત્યારથી અવિરત મૃત્યુ તરફ ઢસડાતા માનવી માટે જીવન – દિશા નક્કી કરવી એ સૌથી અઘરૂ કાર્ય છે. તે નક્કી કરવા કદાચ આખુ જીવન પણ ઓછુ પડે. આ જીવન દિશા એટલે એક જન્મની નહી પણ જનમજનમની . . .

જ્યાં જવું છે તે Destination જ જો નજર સામે ના હોય તો દોડાદોડનો અર્થ શું ? મંઝીલનું લક્ષ ના હોય તો માર્ગ શે હાથમાં આવે ? એક વખત એકાંતમાં બેસી પદ્માસન લગાવી શાંત ચિત્તે વિચારો કે આ બધી દોડધામ કોના માટે ? અંતે શું ? મારે ક્યાં જવુ છે ? વિ. વિ.

સવારમાં ઉઠતાની સાથે ધર્મ જાગરિકા કરવી જરૂરી છે. શાસ્ત્રીય ફરમાન છે. ધર્મ જાગરિકા એટલે જાત સાથે વાત.

હું ક્યાંકથી અહીં આવ્યો છું ? અહીંથી મરી મારે ક્યાં જવાનું છે ?

કરવા યોગ્ય શું નથી કરી રહ્યો ? ને ન કરવા યોગ્ય શું કરી રહ્યો છું ?

બ્રહ્મમુર્હુતે શાંત વાતાવરણમાં આત્માને જો આ ચાર સવાલ પુછવામાં આવે, ને આત્મા દ્વારા જ તેના જવાબ મેળવવામાં આવે, તદનુરૂપ જીવન વ્યવહાર ચલાવવાનો પ્રયત્ન કરવામાં આવે તો જ સાચી જીવન – દિશા પ્રાપ્ત થાય, સાંસારિક મમત્વ બંધનો ઓછા થાય, વ્યર્થ પાપાચરણોથી નિવૃત્તિ થાય, ભૌતિકવાદ ને તિલાંજલી આપી જીવન અધ્યાત્મ ઉન્મુખ બને. દ્રષ્ટિ શરીર ઉપરથી ખસી આત્મા ઉપર સ્થિર થાય, આ લોક ઉપરથી ખસી પરલોકની પરંપરા ઉપર સ્થિર થાય. માટે પ્રભાતે ઉઠી રોજ આત્મા સાથે આ ચાર પ્રશ્નનો વાર્તાલાપ કરવો આવશ્યક છે.

સામાન્ય જનજીવન જોતા ખ્યાલ આવે કે બહુજનસમાજ ગતાનુગતિક જીવન વ્યતીત કરે છે. કેટલાક કાળના પ્રવાહ સાથે ઢસડાય છે. તો કેટલાક સ્થિતિ – પરિસ્થિતિ સાથે ઢસડાય છે. કો'ક પડશે એવા દેવાશેના ન્યાયે શ્વોસ્ચ્છવાસ પૂરા કરે છે તો કો'ક જીવનની બધી જવાબદારી નસીબ ઉપર ઢોળી વર્ષો વિતાવે છે. કો'ક સમય પ્રમાણે વર્તવાનો પ્રયાસ કરે છે. તો કો'ક ધર્મ – કર્મ ઉપર મદાર રાખીને બેઠા છે. પણ ટુંકમાં કહીએ તો સર્વત્ર વિચારશુન્યતા છે. દિશા–વિહિનતા છે. ગતાનુગતિકતા છે.

માનવ ખોળીએ મળેલો જન્મ કેટલો મહાન છે ? સુક્ષ્મ જંતુઓની જીવયોનિમાંથી કુદરતે મને આ સ્થાન માટે પસંદ કર્યો તેની પાછળ પણ ગર્ભિત રહસ્ય હશે જ ને ? આનાથી પણ વધુ ઉચ્ચ ભુમિકા પ્રાપ્ત કરાવે એવા સત્કૃત્યોની અપેક્ષા કુદરતી સત્તાને મારા માટે નહી હોય ?

આ પ્રશ્નો ખૂબ વિચારણીય છે. તે વિચારવાને બદલે આજે આપણે સાંસારીક ભુલભુલામણીમાં સપડાઇ ગયા છીએ. આપણા લક્ષથી બરાબર ઉંધી દિશામાં દોડી રહ્યા છીએ. ભગવાન પાસે પ્રાર્થના કરવી હોય છે કંઇક ને થઇ જાય છે કંઇક બીજી જ. માંગવુ હોય છે કંઇક ને મંગાઇ જાય છે કંઇક બીજુ જ. જોઇએ છે આત્માનુભુતિના આનંદનું શ્રેષ્ઠ ધાન્ય ને ખેડીએ છીએ સાંસારિક ભોગોની ઉખર ભૂમિ !

કોને દોષ દેવો ? નસીબને ? કર્મને ? કાળને ? પરિસ્થિતિને ? આકર્ષક પદાર્થોને ? કે આપણા મમત્વને ?

વાંચી લો આ ચોટદાર ગોલ્ડન સેન્ટન્સ.

We live in our desire rather than in our achievement, આપણી નજર સામે ઇચ્છાઓ છે સિદ્ધિઓ નહીં, તે ય ભુત ભવિષ્યની ચિંતા વિનાની માત્ર વર્તમાનકાલીન ઇચ્છા, તેને પૂર્ણ કરવામાં જ જીવનની ઇતિ શ્રી થઇ જાય છે ને સિદ્ધિઓનો ઘેરો શૂન્યાવકાશ સર્જાય છે.

એક વૈજ્ઞાનિક હતો. માનવજાતના કલ્યાણ માટે પાણીમાંથી પેટ્રોલ બનાવવાની તેની ખેવના હતી. ખૂબ ઉત્સાહથી એક પછી એક પ્રયોગો શરૂ કર્યા. પ્રક્રિયા વધતી ગઇ. ભુખ તરસને ઠંડી ગરમીની પરવા કર્યા વગર રાત દિવસ પ્રયોગોમાં લીન બની

ગયો. અદમ્ય ઉત્સાહ હતો. Full confidance હતો. રાત દિવસ મહિનાઓને વર્ષો વીતતા ગયા. દશ વર્ષના વ્હાણા વીત્યા છતા ધારી સફળતા ન મળી તે ન જ મળી.

હવે તેની ધીરજ ખૂટી, ઉત્સાહ તુટ્યો. હતાશા ને નિરાશાઓ વધવા લાગી. સફળતાની આશાનુ કોઇ કિરણ ના દેખાતા પ્રયોગને છોડી દેવાનો મનોમન નિર્ણય કરી લીધો. એક ઢળતી સંધ્યાએ વૈજ્ઞાનિક ઉદાસ વદને બેઠો છે. કો'કે આવીને કારણ પુછ્યું : વર્ષોની આપવીતી ને હતાશાનો હેતુ કહ્યો.

તે ભાઇ કહે : નિરાસ ના થાવ ! તમારી કાર્ય સિદ્ધિ જરૂર થશે. પણ કેવી રીતે ? દશ દશ વર્ષ કાળી મજુરી કરી, હવે એક પણ પ્રયોગ કરવાની તમન્ના નથી ને એકે પ્રયોગ બાકી નથી.

પણ પ્રયોગ કર્યા વગર કાર્યસિદ્ધિ થાય એવો ઉપાય બતાડુ, આ શબ્દ સાંભળતા વૈજ્ઞાનિક આશ્ચર્ય ને આનંદનો પાર ના રહ્યો.

શું કોઇ જાણકાર છે કે જાદુગર ? માનવીય શક્તિ તો પૂરે પૂરી કામે લગાડી દીધી. આ કોઇ દિવ્ય શક્તિનો સ્વામી છે કે ? અસ્તુ જે હોય તે !

ભાઇ ! જલ્દી ઉપાય બતાડ, તારો ઉપકાર જીવનભર નહીં ભૂલુ ! ભાઇ : સામેના પહાડ ઉપર ટેકરી છે ત્યાં એક સંત સાધના કરે છે. તેના પ્રભાવથી તારૂ કાર્ય સિદ્ધ થઇ જશે. પણ હા, ટેકરી ચઢવી વિકટ છે. કષ્ટોની વણઝાર છે. કેડી જાતે કંડારવાની છે. પવનના સુસવાટાઓ વચ્ચે હેમખેમ આગળ વધવાનું છે. અને તે સંતની ત્રણ શરત છે. – એકલા આવવાનું, ઉઘાડે પગે આવવાનું, અને માત્ર એક જ પ્રશ્ન પૂછવાનો.

વૈજ્ઞાનિક તો રાજીનો રેડ થઇ ગયો. દશ વર્ષ ક્યાં ઓછા કષ્ટ વેઠ્યા છે ? આ તો દશ દિવસ જ છે. છો ને આવતા ગમે તેટલા કષ્ટો, ને પ્રશ્ન પણ મારા જીવનનો એક જ છે. પાણીમાંથી પેટ્રોલ બનાવવામાં કયુ તત્વ ખૂટે છે ?

નવજીવન મળ્યુ હોય તેવા અદમ્ય ઉત્સાહ સાથે ટેકરી ચઢે છે. રસ્તો તો છે જ નહી. ચાલીને કંડી કંડારવાની છે. એકલી પથરાળ ટેકરી, કાંટા કાંકરાનો પાર નહી. માર્ગનો બોધ નહી. વચ્ચે રહેવાના આશ્રયસ્થાનો નહી. ઉપર આભ ને નીચે ધરતી, પગ ચુકે તો પ્રાણપંખેરૂ ઉડ્યા વિના રહે નહી. પણ તેના મનમાં એક જ વિચારધારા છે. ''સંત પાસે પહોંચુ ને ઉપાય પુછું'' સિદ્ધિ નજર સામે હોય ત્યારે સંકટો કષ્ટરૂપ નથી બનતા.

પગ ઉઘાડા છે. હૃદયમાં હામ છે, મનમાં મક્કમતા છે, ખભા ઉપર સંબલ છે, વેરાન ને વિકરાળ પથ વટાવતા વટાવતા કષ્ટોની વણઝાર વેઠતા વેઠતા ભારે થાક સાથે દશમાં દિવસે ટેકરી ઉપર પગરવના મંડાણ થયા.

એક ઝુંપડી દેખાણી, તેમા તેને જીવનસિદ્ધિના દર્શન થયા. થાક–ભૂખને અવગણી ઝુપડી તરફ દોડ મુકી, અંદર ગયો, પણ ભારે આશ્ચર્ય થયું. સંતના સ્થાને સ્વર્ગીય અપ્સરાના દર્શન થયા. બે ત્રમ વાર આંખ ચોળે છે ! શું આ સત્ય છે કે ભ્રમ ? આ સંત છે કે સુરાંગના ? કોઇ ભેદ તો નહી હોય ? પેલો ભાઇ ખોટુ તો નહીં બોલ્યો હોય ? જાતજાતના વિકલ્પોથી મન ઘેરાઇ ગયું.

ક્ષણ બે ક્ષણમાં ભુતકાળ ભુલાઇ ગયો. મનડાએ માર્ગ બદલ્યો. વિચારોનું બીજી જ દિશામાં ડાયવર્જન થયું. તેને થયું, શું આ અપ્સરા ? શું આનુ રૂપ ? શું ગાલોની લાલીમા ? મર્ત્ય સ્ત્રી તો ન જ હોય, કો'ક દેવાંગના લાગે છે. જીંદગીમાં પહેલીવાર આવી સ્ત્રી જોઇ ! આ સ્ત્રી સાથે જો મારો સંયોગ થઇ જાય તો જીવન સફળ થઇ જાય. ને વિચારમાં ગરકાવ હતો. ત્યાં સ્ત્રીએ કહ્યું – બોલો શું પ્રશ્ન છે તમારો ? એક જ પ્રશ્નનો જવાબ મળશે . . . ને . . .

કોઇપણ જાતનો આગળ પાછળનો વિચાર કર્યા વિના વૈજ્ઞાનિક પુછી બેઠો, મારે જાણવુ છે કે તું પરણેલી છે કે કુવારી ? સ્ત્રી : પરણેલી છું. આ? સાંભળતા જ તેના મોતીયા મરી ગયા. શાન ઠેકાણે આવી, ભાન ભૂલ્યાનુ ભાન થયું. પ્રયોગસિદ્ધિનો ઉપાય પુછવા જાય છે ત્યારે સ્ત્રી કહે – અહી એક વ્યક્તિને એક જ પ્રશ્નનો એક જ વાર જવાબ અપાય છે. વૈજ્ઞાનિકને પગ–નીચેથી ધરતી સરકતી હોય તેવો ભાસ થયો. પણ હવે શું થાય ? ખેલ ખલાસ. હવે આખી જીંદગી રડી રડીને પ્રશ્ચાતાપ કરવા સિવાય કોઇ રસ્તો ન હતો.

પળની ભુલનું પરિણામ કેટલુ ભયંકર ? ક્યાં જવુ હતુ ને ક્યાં જઇ ચઢ્યો. શું માંગવું હતુ ને શું માંગી લીધુ. આપણા જીવનમાં પણ આવી જ કોઇ અઘટિત ઘટના ન બની જાય તેની સતત કાળજી રાખીએ.

મંજીલને સામે રાખો ને માર્ગને હાથમાં. પછી પગ ચલાવો, પહોંચ્યા જ સમજો.